सत्यमेव जयते

# વિધાન સભા –2024

સ્પીચ

## માન.ધારાસભ્યશ્રી બાબુભાઈ પટેલ, દસક્રોઈ

વિના સહકાર નહીં ઉદ્ધાર

માન.અધ્યક્ષશ્રી,

દેશમાં સહકારી ક્ષેત્રે ગુજરાતની આગવી ઓળખ છે

- આપણા દેશમાં સહકારી પ્રવૃત્તિ માત્ર આર્થિક સાહસ જ નથી પણ સામાજિક અને આર્થિક બન્ને ધ્યેય સાથે કામ કરતા આર્થિક મોડેલ છે. આ દ્રષ્ટિએ સહકારી પ્રવૃત્તિ ખૂબ જ મહત્વની છે.

- સહકારી પ્રવૃત્તિના વ્યાપ અને વિસ્તારમાં સમાજના વિવિધ વર્ગના લોકોનો સમાવેશ થાય છે.

- સહકારી સિદ્ધાંતો, મૂલ્યો, વહીવટી વ્યવસ્થા, સંચાલન, કાર્યપદ્ધતિઓ, વિશેષતાઓ, સહકારના લાભો વગેરેથી સભાસદો, કમિટી સભ્યો, હોદ્દેદારો તેમજ કર્મચારીઓ સુમાહિતગાર હોય તો જ તેની મહત્તમ સફળતાની આશા રાખી શકાય અને આ ઉદેશને હાંસલ કરવા માટે સહકારી શિક્ષણ, તાલીમ, પ્રચાર અને પ્રકાશન મહત્વના પરિબળ ગણવામાં આવે છે.

- સહકારી પ્રવૃત્તિને પાયામાંથી સંગીન, મજબૂત બનાવવા સહકારી શિક્ષણ અગત્યનું છે. એટલે

કે સહકારી પ્રવૃત્તિ અને સહકારી શિક્ષણ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલા છે.

- સહકારી પ્રવૃત્તિનો મુખ્ય ઉદેશ તેના સભ્યોની સામાજિક અને આર્થિક સ્થિતિ સુધારવાનો છે તેથી સહકારી પ્રવૃત્તિના તંદુરસ્ત વિકાસ માટે અને ખાનગી સાહસોની સામે હરિફાઈમાં ટકી શકે તે માટે સહકારી શિક્ષણ આવશ્યક છે.
- સહકારી પ્રવૃત્તિ વિકસીત થવાનું મુખ્ય કારણ સહકારી શિક્ષણ સંસ્થાની જવાબદારી ગણવામાં આવી છે.

- સહકારીના સાત સિદ્ધાંતોમાં સહકારી શિક્ષણ અને તાલીમને સ્વીકારવામાં આવી છે. આપણા દેશમાં આઝાદી પછી સહકારી શિક્ષણના મહત્વને સમજવામાં આવ્યું છે.

- રાજ્યમાં સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલ લોકોને તાલીમ/શિક્ષણ આપવા રાજ્ય કક્ષાએ રાજ્ય સહકારી સંઘ તથા જિલ્લા કક્ષાએ ૧૮ જિલ્લા સહકારી સંઘો આવેલ છે. સહકારી સંઘો દ્વારા સહકારી મંડળીઓના સભાસદોને સહકારી કાયદા કાનુન, મંડળીના આંતરિક વહીવટ તથા સંચાલન મંડળીના વહીવટમાં ટેક્નોલોજીનો ઉપયોગ વગેરે બાબતો માટે નિયમિત વર્ગો યોજવામાં આવે છે.

- સંઘ દ્વારા સહકારી સભ્ય શિક્ષણ યોજના અંતર્ગત સહકારી મંત્રી–મેનેજર તાલીમ વર્ગ, યુવક સહકારી શિક્ષણ તાલીમ વર્ગ, બિન વિદ્યાર્થી યુવક સહકારી શિક્ષણ તાલીમ વર્ગ, સેમિનાર, સંમેલન વગેરે પ્રકારના તાલીમ વર્ગો/સેમિનારના આયોજન કરવામાં આવે છે.

તદુપરાંત સહકારી તાલીમ અંતર્ગત સંઘ સંચાલિત રાજ્યમાં કુલ-૬ સહકારી તાલીમ કેન્દ્રો આવેલા છે. તેમાં જુદા-જુદા વિષયોને લગતા સહકારી ડિપ્લોમા તાલીમ કાર્યક્રમો યોજવામાં આવે છે. આમ, સંઘ દ્વારા સમગ્ર રાજ્યમાં સહકારી શિક્ષણ- તાલીમ કાર્યક્રમો અને સમિનારો દ્વારા સહકારી સંસ્થાઓના ઉત્કર્ષ માટેની કામગીરી કરવામાં આવે છે. ઉદ્દેશો સિદ્ધ કરવા માટે રાજ્ય સહકારી સંઘ દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં કો-ઓપેરેટીવ એજ્યુકેશન ઇન્સ્ટ્રક્ટર (સી.ઇ.આઇ.) ભાઇઓ અને બહેનોની નિમણૂંક કરી અને વ્યવસ્થાપન કેન્દ્રમાં આચાર્ય અને અધ્યાપકોની) નિમણૂંક કરી તેમના મારફતે સહકારી શૈક્ષણિક કાર્યક્રમો યોજવામાં આવે છે.

- રાજ્યમાં સહકારી શિક્ષણ માટે ઉભા કરવામાં આવેલ આ માળખા દ્વારા વર્ષે ૧,૫૦૦૦૦ (એક લાખ પચાસ હજાર) જેટલાં સહકારી સભાસદો શિક્ષણ અને તાલીમ મેળવી રહેલ છે.

- રાજ્યની તાલીમ આપતી સંસ્થાઓને નાણાકીય તકલીફ ના પડે તે માટે કાયદામાં શિક્ષણ ફંડ અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

- ભારત સરકાર દ્વારા સહકારી સંસ્થાઓ માટે નેશનલ કો.ઓપરેટીવ પોલીસી બનાવવામાં આવેલ છે. જેમા પણ શિક્ષણ અને તાલીમ ઉપર વિશેષ ભાર આપવામાં આવેલ છે. નેશનલ કો.ઓપરેટીવ પોલીસી મુજબ આગામી સમયમાં સહકારી ક્ષેત્રે નવા લીડરો ઉભા કરી શકાય તે માટે રાષ્ટ્રીય સ્તરે સહકારી શિક્ષણ માટેની યુનિવર્સિટીની પણ સ્થાપના થઈ રહેલ છે.

- રાજ્ય સરકાર સહકારી ક્ષેત્રે શિક્ષણ અને તાલીમના મહત્વને સારી રીતે સમજતી હોય રાજ્ય સરકાર રાજ્ય સહકારી સંઘને આ ઉદ્દેશ માટે દર વર્ષે રૂ.૨.૫૦ કરોડની ગ્રાંટ આપી રહેલ છે.

આમ, શિક્ષણ અને તાલીમના માધ્યમથી સહકારી સંસ્થાઓને મજબૂત કરવા રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. આથી રાજ્ય સરકાર દ્વારા સહકારી સંસ્થાઓના વિકાસ માટે જે એક હજાર પાનસો આડત્રીસ + એકોતેર રૂ.૧૫૩૮.૭૧ કરોડની દરખાસ્ત આવી રહેલ છે. તેને હું મારુ સમર્થન આપું છું અને ગૃહને માંગણી સ્વીકારવા વિનંતી કરું છું.